EDII

Divyabhaskar

(Businessbhaskar)
August 27, 2018
Pg.No.3

### 'ફોર-પ્રોફિટ' ઈન્ક્યુબેશન દેશમાં હજુ પ્રાથમિક તબક્કામાં છે

# સ્ટાર્ટઅપની નિષ્ફળતાના દરને બિઝનેસ ઈન્ક્યુબેટર્સ ઘટાડી શકે

સ્ટાર્ટઅપ ટોક
બિંદુ જેકોબ મેથ્યૂ

અત્યારે વિશ્વમાં ભારત ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ધરાવે છે. આ નાણાકીય રીતે વ્યવહારિક વ્યાવસાયિક કંપનીઓ ઊભી કરવામાં ભારત આંતરરાષ્ટ્રીય સ્તરે લીડરશિપ પોઝિશન ધરાવે છે એનું પ્રતિબિંબ છે? ના, હજુ ભારત એ પોઝિશનમાં નથી. ઘણાં યુવાન ઉદ્યોગસાહસિકો ઉત્સાહપૂર્વક સ્ટાર્ટઅપ શરૂ કરે છે, પણ દેશમાં 90 ટકાથી વધારે સ્ટાર્ટઅપ નિષ્ફળ નિવડે છે એવું તારણ આઈબીએમનાં અભ્યાસમાં બહાર આવ્યું છે. એનાથી તમને નવાઈ લાગી શકે છે, ખાસ કરીને સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડઅપ ઈન્ડિયાનાં યુગમાં. આ અભ્યાસ 1,300થી વધારે એક્ઝિક્યુટિવ્સનાં ઈન્ટરવ્યૂ પર આધારિત છે, જેમાં 600 સ્ટાર્ટ-અપ ઉદ્યોગસાહસિકો, 100 વેન્ચર કેપિટાલિસ્ટ, 100 ગવર્મેન્ટ લીડર, સ્થાપિત કંપનીઓનાં 500 લીડર અને શૈક્ષણિક સંસ્થાઓનાં 22 લીડર સામેલ છે.

'સ્ટાર્ટઅપ' નવીનતા ધરાવતું, વિકાસલક્ષી, ઉત્પાદનો કે પ્રક્રિયાઓ અને સેવાઓમાં સુધારો કરતું, અથવા કામગીરી વધારી શકાય એ પ્રકારનું બિઝનેસ મોડલ ધરાવતું એક સાહસ છે, જે રોજગારીનું સર્જન કરવાની કે સંપત્તિનું સર્જન કરવાની ઊંચી સંભવિતતા ધરાવે છે. ભારત સરકારે ફેબ્રુઆરી, 2016માં સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્લાન પ્રસ્તુત કર્યો હતો.

આ સ્ટાર્ટઅપ્સ માટે રાષ્ટ્રીય સ્તરનું નીતિગત માળખું ધરાવે છે તથા વેપારવાણિજ્ય સ્થાપિત કરવા અને કામગીરી કરવા, વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા, રોજગારીનું સર્જન કરવા અને કૌશલ્ય વિકાસ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. આ યોજના હેઠળ એક્શન પ્લાન કરવેરા સાથે સંબંધિત વિવિધ લાભ લઈ શકે છે. વર્ષ 2016નાં બજેટ કે નાણાકીય ધારામાં સ્ટાર્ટઅપની રચનાનાં સમયથી પ્રથમ સાત વર્ષનાં ગાળામાં ત્રણ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે.




ઉદ્યોગસાહસિકતા માટે જેટલી સંસાધનોની જરૂર હોય છે એટલી જ નવીનતાની જરૂર હોય છે, પણ એમાં સૌથી વધુ જરૂર સપોર્ટ ફંક્શનની સુલભતા, માર્ગદર્શન અને નવા ઉદ્યોગસાહસોને સ્થિરતા આપે એવા સંસાધનોની હોય છે.

સમસ્યાનું સમાધાન કરી શકે, બજારનાં ચોક્કસ સેગમેન્ટને લક્ષ્યાંક બનાવી શકે અથવા સફળ અને નફાકારક વ્યવસાય ઊભો કરી શકે એવા નવીન વિચારોની કમી નથી, પણ સ્ટાર્ટઅપની રચનાથી સ્થિરતા મેળવવા સુધીનો માર્ગ લાંબો અને દુષ્કર છે. આ માટે સહાય આવકારદાયક છે, પણ એ માટે અસ્તિત્વ ટકાવવા માટે ઉપયોગી છે. અહીં ઈન્ક્યુબેટર્સની ભૂમિકા શરૂ થાય છે. ઈન્ક્યુબેશન સપોર્ટ કરતી સંસ્થાઓ આ આવશ્યક જરૂરિયાત પૂર્ણ કરવાની સાથે સ્ટાર્ટઅપ્સ, ઈન્ક્યુબેટર્સ, કોર્પોરેટ કંપનીઓ, રોકાણકાર સમુદાયો, એકેડેમિયા અને સરકાર વચ્ચે સેતુરૂપ પણ બને છે, જેથી વ્યવસાયને વિકસવા અને વૃદ્ધિ કરવા માટે અનુકૂળ વાતાવરણ મળે છે.

જ્યારે ભારતમાં ઈન્ક્યુબેટર્સની ભૂમિકા ધીમે ધીમે વિકસી રહી છે, ત્યારે પણ આંતરરાષ્ટ્રીય મોડલ જેવી પરિપક્વતા હાંસલ કરી નથી અને 'ફોર-પ્રોફિટ' ઈન્ક્યુબેશન એક પહેલ છે, જે હજુ પણ પ્રાથમિક તબક્કામાં છે, જેણે ભારતીય ઉદ્યોગમાં મૂળિયા મજબૂત કર્યા નથી. આંતરરાષ્ટ્રીય સ્તરે રોજગારીનાં સર્જન અને આર્થિક વિકાસ માટે બિઝનેસ ઈન્ક્યુબેશન મહત્ત્વપૂર્ણ માધ્યમ ગણાય છે. આ યોજના હેઠળ એક્શન પ્લાન કરવેરા સાથે સંબંધિત વિવિધ લાભ લઈ શકે છે. વર્ષ 2016નાં બજેટ કે નાણાકીય ધારામાં સ્ટાર્ટઅપની રચનાનાં સમયથી પ્રથમ સાત વર્ષનાં ગાળામાં ત્રણ વર્ષ માટે આવકવેરામાંથી મુક્તિ આપવામાં આવી છે. (લેખક: ડોક્ટરલ સ્કોલર, ઈડીઆઈઆઈ, અમદાવાદ છે)

bindu04@ediindia.org